# પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી

બ્લોક નંબરઃ-૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

**By Mail** **ક્રમાંક:** પ્રાશિનિ/ક.૧/કે.નિ./બઢતી /૨૦૨૬/ ૬૬૩૨- ૬૬૬૮

**તા.૧૮/૦૪/૨૦૨૬**

**પ્રતિ,**

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર

**વિષયઃ મદદનીશ કેળવણી નિરીક્ષક(વર્ગ-૩) બઢતીનાં માંગણા પત્રકમાં સુધારો મોકલી આપવા બાબત.**

**સંદર્ભ**-૧. શિક્ષણ વિભાગનું નોટીફિકેશન નં.K/SH/38/2025/ED/MIS/e-file/3/ 2025 /1401 /CH, તા-03/0૬/૨૦૨૫

૨. અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક: પ્રાશિનિ/વિસભ/ક.૧/કે.નિ./બઢતી /૨૦૨૫, તા-૨૪/૦૯/૨૫

૩. શિક્ષણ વિભાગનો પત્ર ક્રમાંક: ED/MIS/e-file/3/2025/1401/CH, તા-૦૧/૦૪/૨૦૨૬

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, મદદનીશ કેળવણી નિરીક્ષક(વર્ગ-૩)નાં રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરવા અંગેના કેમ્પનું તા.૧૪/૦૮/૨૦૨૫ અને તા.૧૮/૦૮/૨૦૨૫ના રોજ અત્રેની કચેરીમાં જિલ્લા તથા નગર શિક્ષણ સમિતિનાં કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં તમામ જિલ્લા તથા નગર શિક્ષણ સમિતિનાં રોસ્ટર રજીસ્ટ પ્રમાણિત કરવામાં આવેલ છે.

સંદર્ભ-૧થી મદદનીશ કેળવણી નિરીક્ષક(વર્ગ-૩)ના સીધી ભરતી/બઢતીના રેશિયામાં સુધારો કરવામાં આવેલ છે. જે અન્વયે સંદર્ભ-૩થી વિભાગ દ્વારા બઢતીના ક્વાળાની જગ્યાઓ તાત્કાલિક ભરવા માટે સુચના આપેલ છે. આથી મદદનીશ કેળવણી નિરીક્ષક(વર્ગ-૩)ની ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા(Special Competitive Exam) દ્વારા બઢતીથી જગ્યાઓ ભરવાની હોય અને તેમની પરીક્ષા અંગેની જાહેરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરને આપવાની થતી હોય આપના જિલ્લામાં ભરવાની થતી ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા(Special Competitive Exam) દ્વારા બઢતીની જગ્યાઓના માંગણા પત્રક સામાન્ય વહીવટ વિભાગનાં ઠરાવ ક્રમાંક: પવસ-૧૦૨૦૧૯-૨૨૩-ગ-૪, તા.૨૫/૦૬/૨૦૧૯ નાં પરિશિષ્ટને ધ્યાનમાં રાખી આપના જિલ્લાના રોસ્ટર પોઈન્ટ, આપના પ્રમાણિત કરેલ રોસ્ટર રજીસ્ટરના પરિશિષ્ટ-બ(તારીજ)ને ધ્યાને રાખી આપના દ્વારા પુરતી ચકાસણી કરી આ સાથે સામેલ પત્રકમાં આપના જિલ્લામાં મદદનીશ કેળવણી નિરીક્ષક ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા(Special Competitive Exam) દ્વારા બઢતીથી ભરવાની થતી જગ્યાઓ સામેલ પત્રક મુજબ તેમજ આ ઉપરાંત અગાઉના બઢતી પ્રસંગમાં ખાલી રહેલ તેમજ અન્ય કારણોસર ખાલી

રહેવા પામેલ જગ્યાઓ **આ સાથે સામેલ** માંગણાપત્રકમાં ભરીને તા.૦૧/૧૦/૨૦૨૫ **સુધીમાં** અત્રેની કચેરીની મહેકમ શાખામાં રૂબરૂ **રજૂ** કરવા જણાવવામાં આવેલ હતું. જે અન્વયે તમામ જિલ્લા/નગર શિક્ષણ **સમિતિઓએ** માંગણાપત્રક અત્રે રજુ કરેલ હતા.

પરંતુ ત્યારબાદ કેટલીક જિલ્લા/નગર શિક્ષણ સમિતિમાં બઢતી મેળવેલ મદદનીશ કેળવણી નિરીક્ષક(વર્ગ-૩) પોતાના મુળ સંવર્ગ(HTAT)માં પરત ગયેલ છે. આથી મદદનીશ કેળવણી નિરીક્ષકની બઢતીના ફાળાની જગ્યામાં વધારો થવાપાત્ર છે. **આથી જે** જિલ્લા/નગર શિક્ષણ **સમિતિમાં** અગાઉ આપેલ માંગણાપત્રકમાં ફેરફાર હોય તો તા.૨૦/૦૪/૨૦૨૬ના રોજ **સવારે** ૧૧.૩૦ કલાક **સુધીમાં** સુધારેલ માંગણાપત્રક મોકલી આપવાનું રહેશે. અન્યથા જે જિલ્લા/નગર શિક્ષણ **સમિતિમાં** બઢતીના ફાળાની જગ્યા ખાલી રહેશે તો સંબંધિતોની જવાબદારી નક્કી કરવામાં આવશે. વધુમાં, બિડાણ સાથે આપના રોસ્ટર રજીસ્ટરનું **પરિશિષ્ટ-બ(તારીજ)ની પ્રમાણિત કરેલ ઝેરોક્ષ નકલ** જોડવાની રહેશે.

**નોંધ:**નવા રેશિયા મુજબ સામેલ પત્રકમાં દર્શાવેલ બઢતીથી મંજુર થયેલ જગ્યાઓ કરતાં વધે નહી તે ધ્યાને લેશો.

વહીવટી અધિકારી
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા., ગાંધીનગર

**બિડાણ:** ઉપર મુજબ